સ્ત્રી-પુરૂષની સહભાગી, સહધર્મચારિણી, ગૃહલક્ષ્મી તથા પુરૂષને દેવત્વ સુધી પહોંચાડનારી સાધિકા છે
- ડો. રાધાકૃષ્ણન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૨૯ | ૯ એપ્રિલ ૨૦૧૨, સોમવાર, ચૈત્ર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# પોલીસ બેડામાં વ્યાપક ફેરફારો

## રાજ્યના ૫૦ ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલી અને બઢતીના હુકમો : છ પોલીસ અધિક્ષકોને બઢતી અપાઈ જ્યારે પાંચ મદદનીશ પોલીસ અધિક્ષકોને પોલીસ અધિક્ષક તરીકે બઢતી અપાઈ

ગાંધીનગર, તા.૮

રાજય સરકારના ગૃહ વિભાગે ગઈકાલે મોડી રાત્રે એકી સાથે ૫૦ જેટલા આઈ.પી.એસ. અધિકારીઓની બદલીના હુકમો જારી કરતા આજે આખો દિવસ આ બદલીનો મુદો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.

માર્ચના અંતિમ સપ્તાહથી જ બદલી બઢતીનો ઉભો થયેલો આ માહોલ હજુ પણ વેકેશન શરૂ થાય ત્યાં સુધી ચાલુ રહેશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. ઘણા બધા સમયથી આ બદલીઓનો દોર આરંભાશે તેવી વાતો સતત ઘુમરાયા કરતી હતી.

રાજયના ગૃહ વિભાગે કરેલા બદલીના હુકમોમાં છ પોલીસ અધિક્ષકોને નાયબ પોલીસ મહાનિરીક્ષક તરીકે બઢતી આપવામાં આવી છે જયારે પાંચ મદદનીશ પોલીસ અધિક્ષકોને પોલીસ અધિક્ષક તરીકે બઢતી આપવામાં આવી છે.

ગૃહ વિભાગે કરેલા આ હુકમમાં અધિક પોલીસ મહાનિર્દેશક સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો કમ કોમ્પ્યુટર સેન્ટરની જગ્યા એબેન્સમાં મુકવાનો પણ નિર્ણય કર્યો છે.

બદલીના કરાયેલા આ હુકમોમાં ઈ. રાધાકૃષ્ણન્‌ને સંયુકત પોલીસ કમિશનર સુરતથી ખસેડી અને નાયબ પોલીસ મહાનિરીક્ષક જૂનાગઢ મુકવામાં આવ્યા છે. આર.બી. બ્રહ્મભટ્ટને નાયબ પોલીસ મહાનિરીક્ષક ઈન્ટેલીજન્સમાંથી ખસેડી અમદાવાદ રેન્જમાં નિમણુંક આપવામાં આવી છે.

સુશ્રી ગગનદીપ ગંભીરને અમદાવાદ ગ્રામ્યના પોલીસ અધિક્ષક તરીકે નિમણુંક આપવામાં આવી છે તો સુશ્રી શોભા ભુતડાને પોલીસ અધિક્ષક અમરેલી તરીકે નિમણુંક આપવામાં આવી છે.

### બદલી કરાયેલા અધિકારીઓ પૈકી છ અધિકારી ગાંધીનગરમાં ફરજ બજાવી ચૂકયા છે

ગાંધીનગર, તા.૮

આજે રાજયના ગૃહ વિભાગે કરેલા બદલીના હુકમોમાં ગાંધીનગર શહેર અને જિલ્લામાં અગાઉ ફરજો બજાવી ગયેલા અર્ધો ડઝન જેટલા આઈ.પી.એસ. અધિકારીઓના હુકમોનો સમાવેશ થાય છે.

અગાઉ ગાંધીનગરમાં ફરજો બજાવી ગયેલા શ્રી કે.ડી. પાટડિયા, શ્રી ઈ. રાધાકૃષ્ણનન્‌, શ્રી આર.બી. બ્રહ્મભટ્ટ, શ્રી પિયુષ પટેલ, સુશ્રી શોભા ભુતડા અને સુશ્રી ગગનદીપ ગંભીરનો સમાવેશ થાય છે.

કરાયેલ બદલીના આ હુકમોમાં ગાંધીનગર રેન્જના પોલીસ મહાનિરીક્ષક એ.કે. શર્માની બદલી કરી અમદાવાદ શહેરના સંયુકત પોલીસ કમિશનર તરીકે મુકવામાં આવ્યા છે. જયારે ગાંધીનગર રેન્જના પોલીસ મહાનિરીક્ષક તરીકે શ્રી શમશેરસિંઘ ને અમદાવાદથી ગાંધીનગર ખસેડવામાં આવ્યા છે.

પાલનપુર ખાતે મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે ફરજો બજાવતા શ્રી નિરજ બડગુજરને અમદાવાદ ઝોન-૪માં નિમણુંક આપવામાં આવી છે.

અમદાવાદ ઝોન-૪માં ફરજો બજાવતા શ્રી એ.જી. ચૌહાણને પોલીસ અધિક્ષક ઈન્ટેલીજન્સ ગાંધીનગર ખાતે મુકવામાં આવ્યા છે અને ગાંધીનગર ઈન્ટેલીજન્સ ના પોલીસ અધિક્ષક શ્રી જી.વી. બારોટને તાપી પોલીસ અધિક્ષક તરીકે નિમણુંક આપવામાં આવી છે.

ગૃહ વિભાગે ૫૦ની બદલીની સાથે સાથે સાત જેટલા ડી.વાય.એસ.પી. કેડરના અધિકારીઓની બદલીના પણ હુકમો કર્યા છે. જેમાં નડિયાદ, મોડાસા, ડાંગ, વડોદરા, કચ્છ, વડોદરા શહેર અને એસ.સી.આર.બી. ગાંધીનગરનો સમાવેશ થાય છે.

ડી.વાય.એસ.પી. મોડાસા તરીકે ફરજો બજાવતા શ્રી પી.આર. ગેલોતને વિભાગીય પોલીસ અધિકારી તરીકે હિંમતનગર મુકવામાં આવ્યા છે જયારે નાયબ પોલીસ અધિક્ષક સી.આઈ.ડી. ક્રાઈમ વડોદરા ખાતે ફરજો બજાવતા શ્રી એચ.બી. ઝાલાને મોડાસાના વિભાગીય પોલીસ અધિક્ષક તરીકે નિમણુંક આપવામાં આવી છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર હજુ પણ એક બે રાઉન્ડમાં અધિકારીઓની બદલીની શકયતાઓ છે. વિધાનસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીઓને લક્ષમાં રાખી તંત્રમાં આગામી દિવસોમાં વ્યાપક ફેરફારોની સંભાવનાઓ પણ છે.



તસવીર ઉનાળાની જ છે અને ઉનાળો કેવો આકરો વિતવાનો છે એ નિર્દેશ કરી રહી છે. ગરમીએ ૪૦ ડિગ્રીનો આંકડો તો પાર કરી લીધો છે અને બહુ જલ્દી આ આંકડો ૪૫ ડિગ્રી સુધી પહોંચી જવાનો નિષ્ણાતોનો મત છે. આવી ગરમીમાં છાંયાની અને પાણીની જરૂરિયાત ઉદ્‌ભવે તે સ્વાભાવિક છે. મનુષ્ય તો આ જરૂરિયાત આસાનીથી પૂર્ણ કરી લે છે, પરંતુ ઉનાળા દરમ્યાન જમીન ઉપરનાં પાણી સૂકાઈ જતાં પશુ-પંખીઓને આસાનીથી પાણી ઉપલબ્ધ બનતું નથી. આવા સંજોગોમાં મનુષ્યની ફરજ છે કે તે પોતાની આસપાસ રહેલાં પશુ-પંખીઓ માટે પાણીની શકય તેટલી વ્યવસ્થા કરે. અલબત્ત, ગાંધીનગરમાં પાણીની પરબોનો અને પક્ષીઓ માટે પણ પાણીની નાની કુંડીઓનો ચાલ બહુ મોટો છે. પરંતુ, કદાચ બહારગામથી આવેલા આ કાગડાને ગાંધીનગરની આ સેવાભાવનાની જાણ નહીં હોય એટલે એ સીધો જ એક કૂવા ઉપર પહોંચી ગયો, પણ હાય રે કિસ્મત ! કૂવો તો પુરાયેલો નીકળ્યો ! (તસવીર : કમલેશ શાહ)

# પેથાપુર પાલિકાની પેટા ચૂંટણીમાં ૮૩ ટકા મતદાન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક આવેલ પેથાપુર નગરપાલિકાની ખાલી પડેલી એક બેઠકની આજે યોજાયેલ ચૂંટણીમાં ૮૩ ટકા જેટલું ઊંચુ મતદાન નોંધાયું છે.

આજે પેથાપુર વૉર્ડ નં. ૨ની ખાલી પડેલી બેઠકની પેટા ચૂંટણીમાં મતદાન માટેવહેલી સવારથી જ મહિલા અને પુરુષ મતદારોએ લાઈન લગાવી દીધી હતી. પ્રથમ ચાર કલાકમાં જ ૫૦ ટકા જેટલું ભારે મતદાન થઈ જવા પામ્યું હતું.

૧૬૭૦ જેટલા મતદારો ધરાવતા આ વૉર્ડમાં મહિલા મતદારોએ પણ સારી એવી જાગૃતિ દાખવી અને મતદાનમાં હોંશભેર જોડાઈ હતી. જોકે બપોરે ગરમીને કારણે મતદાનની ગતિ ધીમી પડવા પામી હતી. આજે મતદારોને મતદાન માટે લઈ આવવામાં બંને પક્ષોએ વ્યુહરચના ગોઠવી હતી અને તેમાં ભારે સફળતા મળી હતી. મતદારો ચાલીને તેમજ કાર્યકરોની સાથે વાહનમાં પણ આવતા નજરે પડ્યા હતા.

મતદાનનો સમય પૂર્ણ થવામાં એક કલાક જેટલા સમય બાકી હતો ત્યારે ૮૦ ટકા જેટલું મતદાન થઈ જવા પામાયું હતું. જોકે કાર્યકરો સતત વિસ્તારમાં ફરી અને મતદારોને લઈ આવવામાં છેલ્લી ઘડી સુધીના

● અનુસંધાન પાન-૫ પર

### ૧૬૭૦ મતદારો પૈકી ૧૩૮૬ મતદારોએ મતદાન કર્યું

ગાંધીનગર, તા. ૮

પેથાપુર નગરપાલિકાની આજે યોજાયેલી પેટા-ચૂંટણીમાં ૧૬૭૦ મતદારોમાંથી ૧૩૮૬ મતદારોએ તેમના મતાધિકારનો ઉપીયોગ પ્રતિનિધિની પસંદગી માટે કર્યો હતો.

આ પેટા-ચૂંટણીમાં કુલ બે મતદાન મથકો હતા. જેમાં એક મતદાન મથકમાં ૮૬૯ મતદારોમાંથી ૭૩૪ મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં ૩૮૯ પુરૂષ મતદારો અને ૩૪૫ સ્ત્રી મતદારોએ મતદાન કર્યું હતું.

બીજા મતદાન મથકમાં ૮૦૧ નોંધાયેલા મતદારો પૈકી ૩૫૦ પુરૂષ મતદારો અને ૩૦૨ સ્ત્રી મતદારોએ મતદાન કર્યું હતું. આજે આ પેટા-ચૂંટણીમાં શાંતિપૂર્ણ રીતે મતદાન યોજાયું હતું.

ભારે મતદાન અંગે બન્ને પક્ષના ઉમેદવારોએ મતદારોનો આભાર માની બતાવેલી જાગૃતિ માટે અભિનંદન આપ્યા છે. બન્ને ઉમેદવારોએ તેમની જીત માટેના દાવા કર્યા છે.

# ઉવારસદ-સઈજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને એનએબીએચ પ્રમાણપત્ર માટે અરજી કરાશે

## બે વર્ષમાં તમામ પ્રા.આ. કેન્દ્રોને આવરી લેવા લક્ષ્યાંક; ગુણવત્તાસભર સેવાઓના સઘનીકરણ માટે વિચારણા કરતું આરોગ્યતંત્ર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાં સિવીલ હોસ્પિટલ અને ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર મળ્યા બાદ વધુ બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉવારસદ અને સઈજ માટે આવું પ્રમાણપત્ર મેળવવાની અરજી કરવામાં આવશે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ઉવારસદ અને સઈજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટેની અરજી કરવા માટે હાલ સૈધ્ધાંતિક નિર્ણય લેવામાં આવ્યો છે અને આગામી બે વર્ષમાં જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને એન.એ.બી.એચ. પ્રમાણપત્ર મળે તે રીતે તંત્રએ તેની કવાયત હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને એન.એ.બી.એચ.નુંપ્રમાણપત્ર મળતાં હવે જિલ્લાનું તે પ્રથમ પ્રા.આ. કેન્દ્ર બને છે. જો કે ગાંધીનગર સિવીલ હોસ્પિટલ બાદ તે જિલ્લાનું બીજું આરોગ્ય કેન્દ્ર છે.

જિલ્લા તંત્ર એ ઉવારસદ અને સઈજ માટે આવી અરજી કરવાનો સૈધ્ધાંતિક નિર્ણય લઈ લીધો છે અને આ માસના અંત સુધીમાં આ અંગેની તૈયારીઓ પૂર્ણ કરી અને અરજી સક્ષમ સત્તાવાળાઓ સમક્ષ રજુ કરવામાં આવશે. આ માટેની પ્રાથમિક કવાયતો તેના અંતિમ તબક્કામાં હોવાનું પણ જાણવા મળેલ છે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાંના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બે વર્ષમાં એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર ધરાવતા થાય તેવો લક્ષ્યાંક છે અને આ માટે ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પર સતત ભાર મુકવામાં આવી રહ્યો છે.

આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે ગુણવત્તાસભર સેવાઓની સાથે સાથે આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર પણ વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. આ માટે જરુરી તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે.




TCCI GANDHINAGAR SINCE : 1994

07.04.12 સુધીમાં TET માં પ્રવેશ મેળવી ₹ 28000/- ફીનો લાભ મેળવો !
08.04.12 થી નવી ફી લાગુ પડશે

TET PTC સાથે સ્નાતક અથવા B.Ed. પાસ ઉમેદવારો માટે ખુશીના સમાચાર !

★ લાયકાત : TET માટે PTC સાથે સ્નાતક અથવા B.Ed. પાસ (ધો.6 થી 8 માટે)

19000+થી પણ વધુ જગ્યાઓ

સંપૂર્ણ સાહિત્ય FREE
ફી માત્ર ₹ 28000 (NR) 1.4.2012 થી અમલમાં (એક સાથે જ ભરવાની રહેશે) 07.04.2012 સુધી જ લાગુ
અઠવાડિયામાં 6 દિવસનું શિક્ષણ
જાહેરાત સંભવિત 8 એપ્રિલ 2012
વહેલા તે પહેલાનાં ધોરણે પ્રવેશ

પાલનપુર, પાટણ, કડી, મહેસાણા, હિંમતનગર, ગાંધીનગર, વિસનગર ➜ વર્ગ શરૂ થવાની તા. 15.04.2012
સવાર, બપોર, સાંજ બેચની સગવડ

TCCI EDUCATION PRIVATE LIMITED

ગાંધીનગર 9909924328 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A, રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3-00 થી 4-00 સુધી) દર રવિવારે રજા
મહેસાણા 7567283798 પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ, રૂબરૂ/ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર બુધવારે રજા
હિંમતનગર 7567283798 બીજો માળ, યમાહા શોરૂમની ઉપર, મોતીપુરા સર્કલ, હિંમતનગર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) રવિવારે રજા
પાલનપુર 9925698721 એફ-28, પ્રથમ માળ, સરકારી વસાહત સામે, કોલેજ રોડ, તિરૂપતિ પ્લાઝા, પાલનપુર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00 સુધી) દર શુક્રવાર રજા
પાટણ 9925698721 એસ-143 થી 147, પ્રથમ માળ, તિરૂપતિ બજાર, સિધ્ધપુર ચાર રસ્તા, પાટણ. રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર શુક્રવાર રજા

TET TCCI EDUCATION PRIVATE LIMITED

TCCI EDUCATION PRIVATE LIMITED

08.04.12 થી TET માટે નવી ફી ₹ 38000/- રહેશે.

તા. 01.05.2012 થી TCCI EDUCATION PVT LTD ગાંધીનગર શાખાનું નવું સરનામું
પ્લોટ 99, ઓફીસ 206, બીજો માળ, શ્રી સ્કવેર, પેથાપુર ક્રોસ (સર્કલ) રોડ, (મહુડી રોડ), ઘ-રોડના છેડા પર, પેથાપુર, ગાંધીનગર.

18 વર્ષ થી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા

TCCIનો નાનકડો પરિવાર
MUKESH PATEL (GS, QA, TOR, GEO, HIST)
RAJUBHAI PATEL (MA B.Ed. - English)
Dr. Nainaben (MA Ph.D. - Gujarati)
Dr. Pandya Sir (MA Ph.D. - English)
Dr. A. Patel (G.S.) (Ph.D.)
Dr. B. Patel (MA Ph.D. - Gujarati)
Mr. Jala Sir (B.Ed. - Maths)
Mr. K. Sir (LLM)
Mr. G. Sir (Sociology & Gujarati)
Mr. R. Jala (Agriculture)

100% ખાતરી પૂર્વકનું પરીણામલક્ષી શિક્ષણ આપતી સંસ્થા

સર્જનાત્મક અભિગમ



ચટપટા અને અટપટા અહેવાલો જ
પ્રચાર માધ્યમોમાં ચોમેર ચર્ચાય છે...
સનસનાટી, સેક્સ અને સ્કેન્ડલ્સનું
સામ્રાજ્ય તમારી આસપાસ સર્જાયું છે...
નકારાત્મક અને ખંડનાત્મક વાતો જ વહેંચાય-વંચાય છે...
પણ
**સર્જનાત્મક વાતો, વિચારો અને વાંચનનું શુ ?**

નવા કદ, નવા રૂપ-રંગ સાથે **સર્જનાત્મક અભિગમ**

ગાંધીનગર સમાચાર
આપણું પોતાનું અખબાર

આજે જ આપના અખબાર વિતરક પાસે માંગો...

PARAM